| | | |
|---|---|---|
| GJPM040028582024 | રજુ તારીખ | ૨૩/૧૧/૨૦૨૧ |
| | નિકાલ થયા તારીખ | ૨૮/૦૭ /૨૦૨૬ |
| | અવધિ : __ વર્ષ __ માસ _ દિવસ | |

**ટંકારાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીની કોર્ટમાં...**

[Criminal Case No.885/2021]

(Details FIR 572/2021)

(TANKARA Town Police Station)

**આંક :**

| | | |
|---|---|---|
| ફરીયાદી : | **શ્રી સરકાર** | |
| ફરીયાદી તર્ફે : | **વિ.એ.પી.પી.શ્રી એસ.બી.સોલંકી** | |
| આરોપી : | ૧. | **વાસીયાંગભાઈ પુનાભાઈ ડાંગર** |
| | ૨. | **ભગવાનજીભાઈ પુનાભાઈ ડાંગર** |
| | ૩. | **પ્રકાશભાઈ પુનાભાઈ ડાંગર** |
| | ૪. | **રાયધનભાઈ મેસુરભાઈ સોઢીયા** |
| | | તમામ રહે. ગજડી તા.ટંકારા જી.મોરબી. |
| આરોપી તર્ફે : | **વિ.વકીલ શ્રી એમ.વી.બારૈયા** | |

---------------------------------------------------------------

**ગુન્હો :**–આઈ.પી.સી.કલમ– ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબ.

---------------------------------------------------------------

**:: ઠ રા વ ::**

(૧) ફરીયાદપક્ષના કેસ ની હકીકત ટુંકમા એવી છે કે, આ કામના ફરીયાદીએ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ હેઠળ અરજી આપેલ હોય જે અન્વયે તપાસમા સાહેદો આવતા ફરીયાદીને સવાલવાળી

જગ્યાએ બોલાવતા ત્યાં આરોપીઓએ આવી ફરીયાદી સાથે ઉપરોકત બાબતે બોલાચાલી કરી ભુંડાબોલી ગાળો આપી તને આઠ દિવસમાં જાનથી મારી નાખવો છે તેમ ધમકી આપી, ગુન્હામાં એકબીજાને મદદગારી કરી, આઈ.પી.સી.ની કલમ– ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુન્હો કરેલ હોઈ સદર ફરીયાદની તપાસના આધારે ત.ક. અધિકારીએ તપાસ કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતા આરોપીઓ સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીઓને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ક્રી.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીઓને પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ તહોમતાનામુ ફરમાવી, આરોપીઓનું નિવેદન નોંધવામાં આવતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

**:: મૌખિક પુરાવો ::**

| આંક | ફરીયાદી / સાહેદની વિગત |
|---|---|
| ૧૪ | ફરીયાદી પ્રકાશભાઈ કાળુભાઈ ડાંગરની જુબાની. |
| ૨૦ | પંચસાહેદ આશિષભાઈ કાનજીભાઈ ડાંગરની જુબાની. |
| ૨૨ | પંચસાહેદ જયદીપભાઈ આપદાનભાઈ ડાંગરની જુબાની. |
| ૩૩ | સાહેદ કાળુભાઈ સુરાભાઈ ડાંગરની જુબાની. |
| ૩૪ | સાહેદ લાખીબેન કાળુભાઈ ડાંગરની જુબાની. |
| ૩૮ | સાહેદ હાર્દીકભાઈ ધનજીભાઈ બોપલીયાની જુબાની. |

| | |
|---|---|
| ૯૧ | સાહેદ રીટાબેન નાગજીભાઈ સરવૈયાની જુબાની. |
| ૯૬ | સાહેદ નરેન્દ્રકુમાર પુજાલાલ શુકલાની જુબાની. |
| ૯૯ | સાહેદ કલ્પેશભાઈ દેવરાજભાઈની જુબાની. |
| ૧૦૧ | ત.ક.અ. નારણભાઈ હીરાભાઈ છૈયાની જુબાની |

**:: દસ્તાવેજી પુરાવો ::**

| **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|
| ૧૫ | ફરીયાદ. |
| ૨૧ | પંચનામું. |
| ૧૦૨ | તપાસ ડેપ્યુટ હુકમ |
| ૧૦૩ | સ્ટેશન ડાયરી એન્ટ્રી રીપોર્ટ |

(૪) ફરિયાદપક્ષે પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ સદર કામનો પુરાવો તેમની રુબરુમાં અને સાંભળતા લીધેલાની હકીકત સ્વીકારી અન્ય હકીકતો નો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં ''અમારી સામે ખોટો કેસ કરેલો છે, અમો નિર્દોષ છે. '' તેવી હકીકત જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વકીલશ્રીની દલીલો સાભળવામાં આવી.

(૬) ઉપરોકત કેસની હકીકત,સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવા ને તેમજ દલીલો ને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીએ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ હેઠળ અરજી આપેલ હોય જે અન્વયે તપાસમા સાહેદો આવતા ફરીયાદીને સવાલવાળી જગ્યાએ બોલાવતા ત્યાં આરોપીઓએ આવી ફરીયાદી સાથે ઉપરોકત બાબતે બોલાચાલી કરી ભુંડાબોલી ગાળો આપી તને આઠ દિવસમાં જાનથી મારી નાખવો છે તેમ ધમકી આપી, ગુન્હામાં એકબીજાને મદદગારી કરી,આઈ.પી.સી.ની કલમ-૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો સજા અને દંડ ને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

**-:: નિ ર્ણ યો ::-**

**મુદ્દા નં.૧** નકારમાં.

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓનાં અત્રેની કોર્ટના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર ૧ અને ૨ અંગે :-**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય,હકીકતોનું પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા

એક સાથે કરવામાં આવેલ છે.

(૮.૧) ફરીયાદપક્ષે આંક–૧૪ થી ફરીયાદી પ્રકાશભાઈ કાળુભાઈ ડાંગરને તપાસવામાં આવેલ છે. તેઓની સોગંદ ઉપરનીજુબાનીમાં જણાવે છે કે, બનાવ તા. ૧૬/૦૬/૨૧ નારોજ બનેલ. ટંકારા તાલુકાના ગજડી ગામે ધુનડા રોડ ઉપર અમો ફરીયાદીએ તા.૨૪/૪/૨૧ નારોજ આ કામના આરોપીઓ વિરુધ્ધ ગુજરાત જમીન પચાવી પાડવાના અધિનિયમ હેઠળ જીલ્લા કલેકટરશ્રીને લેખિત રજુઆત અરજી કરેલી જે અનુસંધાને તા.૧૪/૬/૨૧ નારોજ રેવન્યુ અધિકારીશ્રી બોપલીયાનો અમોને ફોન આવેલ કે તા.૧૬/૬/૨૧ ના રોજ તમોએ જે તા.૨૦/૪/૨૧ ના રોજ કલેકટરશ્રીને લેન્ડ ગ્રેબીંગની અરજી આપેલી. જે ફરીયાદ અનુસંધાને તા.૧૬/૬/૨૧ નારોજ પાંચેક વાગ્યે હાજર રહેવા અમોને સમજણ કરેલ અને હાજર રહેવા જણાવેલ અને વધુમા એવુ જણાવેલ કે મામલતદારશ્રી નરેન્દ્ર પુંજાભાઈ શુકલ સર્કલ ઓફીસર ટંકારા અને રેવન્યુ અધિકારી બોપલીયા સાંજના પાચેક વાગ્યે સ્થળ પર આવવાના હોય અને અમોને સ્થળ ઉપર પાંચ વાગ્યે આવવાનુ જણાવેલ. જેથી હું સાંજે પાંચેક વાગ્યે સ્થળ ઉપર હું ગયેલ ત્યાં આ કામના આરોપી વાસીયાંગ પુના ડાંગર ,ભગવાન પુના ડાંગર,પ્રકાશ પુના ડાંગર, તથા રાયધન મયસુરભાઈ સોઢીયા તેમજ મામલતદારશ્રી નરેન્દ્ર પુંજાભાઈ શુકલ, રેવન્યુ અધિકારી શ્રી બોપલીયા અને સર્કલ ઓફીસર શ્રી પણ ત્યાં હાજર હતા ત્યારે આ કામના આરોપીઓએ મામલતદારશ્રીની હાજરીમાં તથા સર્કલ ઓફીસર અને રેવન્યુ અધિકારીની હાજરીમાં અમોને મારવા માટે વાસીંયા પુના અને તેણીની સાથેના બીજા આરોપીઓ ઉભા થયેલા. ત્યારે ત્યાં હાજર મામલતદાર શ્રીશુકલ તથા રેવન્યુ અધિકારી બોપલીયા તેમજ સર્કલ ઓફીસર વચ્ચે પડેલા અને ઉપરોકત મામલતદારશ્રીએ તેમજ અધિકારીઓએ આરોપી નં.૧ને તથા ૩ને પકડી રાખેલા. એ સમય દરમ્યાન

મામલતદારશ્રીની હાજરીમાં આરોપી નં.૧ વાસીયાંગ પુના તથા તેની સાથેનાઓએ એવુ જણાવેલ કે આઠ દિવસની અંદર તમારુ ખુન કરી નાખશુ તેવુ બોલેલા. ત્યારબાદ હું તરત જ મારા ઘરે જતો રહેલ અને ઘરેથી પોલીસ કંન્ટ્રોલ રૂમમાં ઉપરોકત હકીકત અંગે ફોન કરેલ. ત્યારબાદ ગામમાં પોલીસ વાન આવેલ અને હું ઘરે આવ્યો બાદ મારી પાછળ મામલતદારશ્રી તથા સર્કલ ઓફીસર તથા રેવન્યુ અધિકારી પાછળ મારા ઘરે આવેલ અને તેઓએ એવુ જણાવેલ કે આમાં અમો ફરીયાદી થશું અને અમોએ પણ જણાવેલ કે, સદર લેન્ડ સરકારી લેન્ડ છે. લેન્ડ ગ્રેબીંગ અરજી અનુસંધાન આપશ્રી પ્રાથમિક તપાસ માટે આવેલ હોય જેથી આપશ્રીએ આમાં ફરીયાદી થવું જોઈએ, પરંતુ મામલતદારશ્રી આમાં ફરીયાદી બનેલ નહીં. જેથી મેં તા.૧૬/૬/૨૧ ના સાંજના અંદાજે ૬ વાગ્યાના પોલીસ કંન્ટ્રોલમાં ફોન કરી હકીકત જણાવી ત્યારબાદ પોલીસ વાન અમારા ગામ આવેલ અને પી.સી.આર વાહન પોલીસ પ્રોટેકશન સાથે અમો ટંકારા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ દાખલ કરવા આવેલ અને અમોએ આ ચારેય આરોપીઓ વિરુધ્ધ ટંકારા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. જે ફરીયાદ મને બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે હું ઓળખું છું જે રજુ દા.આંક–૧૫ આપવામા આવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, હું હાલ ગજડી રહુ છુ. આરોપીઓ અમારા ગામના તથા અમારી જ્ઞાતીના હોવાથી હુ તેમને ઓળખુ છુ. હાલના કામના ૧ આરોપી બહાર ગામ રહે છે.હાલ હુ ગજડી ગામમા તથા ટંકારા તાલુકામા મારી રીતે જઈ આવી શકુ નહી, હુ મેડીકલ ઈમરજન્સી તથા કોર્ટના કામ સિવાય બહાર નથી નીકળતો, મે એફ.આઈ.આર.માં એ હકીકત લખેલ છે કે'' મને આરોપીઓએ મર્ડર કરી નાખવાની ધમકી આપેલ છે'', આ આરોપીઓએ મને ધમકી આપેલ છે, એ વાત ખરી છે કે આવો કોઈ બનાવ

બનેલ છે.

(૮.૨) વધુમાં ફરીયાદપક્ષે આંક–૨૦ થી પંચસાહેદ આશીષભાઈ કાનજીભાઈ ડાંગરને તેમજ આંક–૨૨ થી પંચસાહેદ જયદીપભાઈ આયદાનભાઈ ડાંગરને તપાસવામાં આવેલ છે તેઓ પંચનામામા સહી કર્યા સિવાય કશુ જાણતા નથી. તેઓ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઈ જેથી વિ.એ.પી.પી.શ્રીની વિનંતી થી હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે.બચાવપક્ષે ઉલટતપાસ નથી.

(૮.૩) વધુમાં ફરીયાદપક્ષે આંક–૩૩ થી સાહેદ કાળુભાઈ સુરાભાઈ ડાંગરને તપાસવામાં આવેલ છે.તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજ થી આશરે ચારેક વર્ષ અગાઉ બનેલો. ઘુનડાથી ગજડી રોડ પર તે જગ્યાએ ત્યાં સરકારી જમીનમાં દુકાનો બનાવેલી હતી જેમાં વાસીયાન પુના ડાંગર તથા ભગવાન પુના ડાંગર તથા પ્રકાર પુના ડાંગર તથા રાયધન મેસુહ સોઢીયા આ રીતના ત્યાં દુકાનો બનાવેલ હતી. જેથી તે અનુસં ધાને મારા પુત્ર પ્રકાશે સરકારી જમીનમાં દુકાનો બનાવેલ છે તે અંગેની અરજી મામલતદારને અરજી કરેલ જેથી તે અનુસંધાને મામલતદાર ત્યાં તપાસ માટે આવેલા. અને ત્યાં મે ઉપર લખાવેલા ચારે જણાઓ ગાળો બોલતા હતા અને હુ પણ ત્યાં ત્યારે ઉભો હતો. અને આરોપીઓએ કીધેલ કે અમો પ્રકાશભાઈનુ અઠવાડીયામા ખુન કરી નાખશુ તેવુ બોલેલા. ત્યારબાદ અમો બહાર નીકળતા નથી પરંતુ દવાખાનુ કે કોર્ટનું કામ હોય તો જ અમે પ્રકાશને બહાર જવા દઈ છીએ કેમ કે મારી નાખવાનુ કીધેલુ છે જે મામલતદારની હાજરીમાં પણ કીધેલુ છે. આરોપીઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. હાજર હોય તો ઓળખી શકુ. ઉપરોકત વિગતે પોલીસ ` બનાવ અંગે મારો જવાબ લીધેલો. અગાઉ આ કેસની તારીખ

વખતે આરોપીઓએ મારા પુત્ર પ્રકાશ ઉપર હુમલો કરેલો.બચાવપક્ષે ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને અમે એક જ ગામમા રહેતા હોય એમને ઓળખીએ છીએ, મે પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ છે કે અવાજ થતા હુ બહાર ગયેલો,સદર કામના બનાવ બન્યા પછી આરોપીઓ સાથે બીજો કોઈ ઝઘડો થયેલ નથી,આરોપીઓએ ગાળો આપેલી છે,આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલી છે.

(૮.૪) વધુ ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ લાખીબેન કાળુભાઈ ડાંગરને તપાસવામાં આવેલ છે.તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,બનાવ આજ થી આશરે ચારેક વર્ષ અગાઉ બનેલો. બનાવ સમયે હુ અને મારા પતિ ત્યાં બાર ઘુનડાથી ગજડી રોડ પર હતા અને ત્યાં સરકારી જમીનમાં દુકાનો બનાવતા હતા જેમાં વાસીચાન પુના ડાંગર તથા ભગવાન પુના ડાંગર તથા પ્રકાશ પુના ડાંગર તથા રાયધન મેસુર સોઢીયા આ રીતના ત્યાં સરકારી જમીનમાં દુકાનો બનાવતા હતા. ત્યાં મારો પુત્ર પ્રકાશ પણ હાજર હતો અને ત્યાં સરકારી માણસો કાંઈક લખાણ માટે આવેલા હતા. હુ પણ ત્યાં રોડ ઉપર ઉભેલી ત્યારે ઉપરોકત નામ વાળા ચારેય જણાઓએ કહેલ કે તમારા પુત્ર પ્રકાશને તો બહાર નીકળે એટલે મારી નાખવો છે તેવુ કીધેલુ. જેથી અમો અમારા પુત્રને કયાંય પણ બહાર નીકળવા નથી દેતા પરંતુ કોર્ટમાં કે દવાખાને જવાનુ હોય તો માંડ માંડ બીતા બીતા નીકળે છે. જેથી અમોએ અમારા પુત્રને ઘરે બોલાવી કીધેલ કે તુ ઘરમાં આવતો રહે તુ મારો એકનો એક દીકરો છે ત્યાર બાદ અમો ઘરે આવતા રહેલા. અમો અમારા પુત્રને બહાર નીકળવા દેતા નથી. અમારો પુત્ર અગાઉ કોર્ટમાં તારીખે આવેલો ત્યારે પણ આરોપીઓએ તેની ઉપર હુમલો કરેલો.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને અમે એક જ ગામમા રહેતા હોય એમને ઓળખીએ છીએ, મે પોલીસ રૂબરૂના નિવેદનમા એવુ લખાવેલ છે કે અવાજ થતા હુ બહાર ગયેલી,સદર કામના બનાવ બન્યા પછી આરોપીઓ સાથે બીજો કોઈ ઝઘડો થયેલ નથી,આરોપીઓએ ગાળો આપેલી છે,આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલી છે,પ્ર કાશભાઈ એમની રીતે મોરબી રાજકોટ જાય છે, સરતપાસમા જણાવેલ કોર્ટની મુદતે થયેલ હુમલાના દિવસે હુ ઘરે હતી.

(૮.૫) વધુ ફરીયાદપક્ષે આંક-૩૮ થી સાહેદ હાર્દિકભાઈ ધનજીભાઈ બોપલીયાને તપાસવામાં આવેલ છે.તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હાલ હુ નાયબ મામલતદાર, મોરબી મધ્યે મારી ફરજ બજાવુ છુ. જે તે વખતે હુ રેવન્યુ તલાટી તરીકે મેઘપર ધુનડા, વાઘગઢ, ગજડી, નેસડા મા રેવન્યુ તલાટી તરીકે મારી ફરજ બજાવતો હતો. ગઈ તા.૧ ૬/૬/૨૧ ના રોજ અમો ગજડી ગામના પ્રકાશભાઈ કાળુભાઈ ડાંગરની લેન્ડ ગ્રેબીંગની અરજી આવેલી જેથી અધિકારીની સુચના મુજબ સ્થળ પર પ્ર ાથમીક તપાસણી કરવા ગયેલા અને તારીખ:૧૬/૬/૨૧ ના હુ તથા ટંકારા મામલતદાર એન.પી. શુકલા સાહેબ તથા ટંકારા સર્કલ ઓફીસર કલ્પેશભાઈ બુશા એ રીતના અમો સાંજે પાંચેક વાગ્યે ગજડી ગામે ગયેલ હતા અને મામલતદારની સુચના મુજબ સવાલ વાળી જગ્યાનુ પંચ રોજકામ કરતા હતા ત્યારે અરજદાર પ્રકાશભાઈ કાળુભાઈ ડાંગર ત્યાં આવેલા તથા અન્ય વાસીયાંગભાઈ તથા રાયધનભાઈ અને અન્ય બીજા બે માણસો પણ ત્યાં આવેલા હતા. અને પ્રકાશભાઈ સાથે ઉગ્ર બોલાચાલી કરવા લાગેલા હતા અને ગાળો બોલી ઝઘડો કરવા લાગેલા. જેથી દેકારો થવા લાગતા હુ અને સર્કલ ઓફીસર તથા મામલતદાર અમોએ તેઓને ઝઘડો ન

કરવા સમજાવેલા. આ લોકો અંદરો અંદર બોલાચાલી અને દેકારો કરતા હતા. કોણે કોને શુ કહેલુ તેની મને જાણ નથી ત્યારબાદ પ્રકાશભાઈ ત્યાંથી જતા રહેલા. આજરોજ આરોપીઓ ૧ થી ૩ વાળા કોર્ટમા હાજર છે તે તે જ છે. આરોપી નં. ૪ નામ. કોર્ટમાં હાજર નથી. હાજર હોય તો ઓળખી શકુ.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ લોકો અંદરોઅંદર બોલાચાલી અને દેકારો કરતા હતા ત્યારે કોણે શું કહેલ તેની મને ખબર નથી, હું ગજડી ગામે તલાટી તરીકે નોકરી કરતો હતો એટલે આરોપીઓને અગાઉથી ઓળખતો હતો.

(૮.૬) વધુ ફરીયાદપક્ષે આંક–૯૧ થી સાહેદ રીટાબેન નાગજીભાઈ સરવૈયાને તપાસવામાં આવેલ છે.તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું પ્રકાશભાઈ કાળુભાઈ ડાંગરને ઓળખુ છુ. પ્રકાશભાઈ વાળો બનાવ આશરે સને ૨૦૧૯ ની આજુબાજુ બનેલો હતો. હું આ કામના ચારમાંથી એક પણ આરોપીને ઓળખતી નથી. પ્રકાશભાઈને આરોપીઓ સાથે જમીન બાબતે કંઈક ઝઘડા થયેલા એવુ જાણુ છુ બીજુ કાંઈ જાણતી નથી. પ્રકાશભાઈએ આ કામના આરોપીઓ પર ધમકી આપવા બાબતનો કોઈ કેસ કરેલ હોય તો તે બાબતે હું કાઈ જાણતી નથી. પ્રકાશભાઈએ આરોપીઓ વિરુધ્ધ ધમકી બાબતનો કેસ કરેલ હોય અને તેમાં સાહેદ તરીકે પોલીસે મારી પુછપરછ કરેલ હોય એ બાબતે હું કાંઈ જાણતી નથી.આ સાહેદ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરવામા આવેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત હું જાણતી નથી કે આરોપીઓએ પ્રકાશભાઈને ગાળો આપેલ છે કે નહી. સાહેદ જાણાવે છે કે મને આ કેસ બાબતે કોઈ જાણકારી

નથી.

(૮.૭) વધુમાં ફરીયાદપક્ષે આંક–૯૬ થી સાહેદ નરેન્દ્રકુમાર પુજાલાલ શુકલને તપાસવામાં આવેલ છે.તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,હું છેલ્લા બે વર્ષથી નિવૃત છુ. સને ૨૦૨૧ માં હું ટંકારા ખાતે મામલતદાર તરીકે મારી ફરજ બજાવતો હતો. સને ૨૦૨૧ માં ગજડી ગામમાં પ્રકાશભાઈ ડાંગરે લેન્ડ ગ્રેબીંગની અરજી કરેલી જેની પ્રાથમીક તપાસ માટે અમને અમારી ઉપરી અધીકારીએ જણાવતા અમો તા.૧ ૬/૦૬/૨૦૨૧ ના રોજ ગજડી ગામે સાંજે પાંચ વાગ્યાના અરસામાં ગયેલ હતા અને મારી સાથે મારા સર્કલ ઓફીસર કલ્પેશભાઈ બુસા તથા તલાટી કમ મંત્રી બોપલીયા હતા. અમે સ્થળ પર પહોચેલા ત્યારે અગાઉથી સમજ કર્યા મુજબ પ્રકાશભાઈ ડાંગર અમને સ્થળ પર મળવા આવેલ હતા અને અમો તેમની સાથે વાતચીત કરતા હતા તે દરમ્યાન ચાર પાંચ લોકો ગામ તરફથી આવેલ અને પ્રકાશભાઈ તથા તે ચાર પાંચ લોકો વચ્ચે ઉગ્ર સ્વરૂપે બોલાચાલી થવા લાગેલ અમો તથા મારી સાથેના સ્ટાફે તેઓને શાંત રહેવા જણાવતા હતા પરંતુ તેઓ ખુબ જ દેકારો થતો હોવાથી કોણ શું બોલે છે તે જાણી શકાતુ ન હોવાથી ત્યાર બાદ પ્રકાશભાઈ ડાંગર તેમના ઘર તરફ જવા નિકળી ગયેલ અને સામેવાળા ચાર પાંચ માણસો પણ ત્યાંથી નિકળી ગયેલ હતા. આવેલ ચાર પાંચ માણસો પૈકી હું આજરોજ કોઈને ઓળખી શકુ નહી પરંતુ તેમાંથી એક વ્યકિતનું નામ વાસીચાંગભાઈ પુનાભાઈ હતુ અને તેના વિરુધ્ધ પ્રકાશભાઈએ અરજી કરેલ હતી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ લોકો અંદરોઅંદર બોલાચાલી અને દેકારો કરતા હતા ત્યારે કોણે શું કહેલ તેની મને ખબર નથી, બનાવ વાળી જગ્યાએ બીજા

ઘણા બધા માણસો ભેગા થયેલ ન હતા, વાસીયાંગભાઈ પુનાભાઈનુ નામ મે મારા નિવેદનમા લખાવેલ નથી, વાસીયાંગભાઈ પુનાભાઈ વિરૂધ્ધ અરજી થયેલ હતી એટલે તેનુ નામ મને યાદ છે,ચાર–પાંચ માણસો આવેલ તેઓને હુ આજે ઓળખી શકુ નહી, ઘણો સમય થઈ ગયેલ હોય જોયેથી ઓળખી શકુ નહી.

(૮.૮) વધુમાં ફરીયાદપક્ષે આંક–૯૯ થી સાહેદ કલ્પેશ દેવરાજભાઈને તપાસવામાં આવેલ છે.તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૧માં હું ટંકારા ખાતે મામલતદાર કચેરીમાં સર્કલ ઓફિસર તરીકે મારી કામગીરી બજાવતો હતો. સને ૨૦૨૧માં ગજડી ગામમાં પ્રકાશભાઇ ડાંગરે લેન્ડ ગ્રેબીંગની અરજી કરેલી જેની પ્રાથમિક તપાસ માટે અમને અમારી ઉપરી અધિકારીએ જણાવતા અમો તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ ગજડી ગામે સાંજે પાંચ વાગ્યાના અરસામાં ગયેલ હતા અને મારી સાથે મારા મામલતદાર સાહેબશ્રી એની.પી.શુકલ સાહેબ તથા રેવન્યુ તલાટી કામ મંત્રી બોપલીયા હતા. અમે સ્થળ પર પહોચેલા ત્યારે અગાઉથી સમજ કર્યા મુજબ પ્રકાશભાઇ ડાંગર અમને સ્થળ પર મળવા આવેલ હતા અને અમો તેમની સાથે વાતચીત કરતા હતા તે દરમ્યાન ચાર પાંચ લોકો ગામ તરફથી આવેલ અને પ્રકાશભાઇ તથા તે ચાર પાંચ લોકો વચ્ચે ઉગ્ર સ્વરૂપે બોલાચાલી થવા લાગેલ અમો તથા મારી સાથેના સ્ટાફે તેઓને શાંત રહેવા જણાવતા હતા પરંતુ તેઓ ખુબ જ દેકારો થતો હોવાથી કોણ શું બોલે છે તે જાણી શકાતુ ન હોવાથી ત્યારબાદ પ્રકાશભાઇ ડાંગર તેમના ઘર તરફ જવા નીકળી ગયેલ અને સામેવાળા ચાર પાંચ માણસો પણ ત્યાંથી નીકળી ગયેલ હતા. આવેલ ચાર પાંચ માણસો પૈકી હું આજરોજ કોઇને ઓળખી શકું નહીં, કારણ કે તે બનાવને ઘણો સમય થઇ ગયેલ હોઇ તેમને હું ઓળખી શકું નહીં.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ લોકો અંદરોઅંદર બોલાચાલી અને દેકારો કરતા હતા ત્યારે કોણે શું કહેલ તેની મને ખબર નથી,તે લોકો લેન્ડગ્રેબીંગ વિશે કશુક

વાતો કરતા હતા, બનાવ વાળી જગ્યાએ બીજા ઘણા બધા માણસો ભેગા થયેલ ન હતા, ચાર–પાંચ માણસો આવેલ તેઓને હુ આજે ઓળખી શકુ નહી, ઘણો સમય થઈ ગયેલ હોય જોયેથી ઓળખી શકુ નહી.

(૮.૯) વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૦૧ થી ત.ક.અ. નારણભાઈ હિરાભાઈ છૈયાને તપાસવામાં આવેલ છે.તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, હું હાલે મોરબી તાલુકા પો.સ્ટે.માં એ.એસ.આઈ. તરીકે મારી ફરજ બજાવું છું. સને ૨૦૨૧ માં હું ટંકારા પો.સ્ટે. ખાતે પો.હેડ.કોન્સ્ટેબલ તરીકે મારી ફરજ બજાવતો હતો. તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ ફરીયાદી પ્રકાશભાઈ કાળુભાઈ ડાંગરે મારી રૂબરૂ વાસીયાગભાઈ પુનાભાઈ ડાંગર વિગેરે ત્રણ જણા વિરુધ્ધ જાહેરમાં જેમ ફાવે તેમ ભુડા બોલી ગાળો આપી જાનથી મારી નાખવા બાબતની ફરીયાદ આપતા મે ફરીયાદીના કહેવા મુજબની ફરીયાદ લીધેલ. ત્યારબાદ મે ગુન્હો રજીસ્ટર કરવા માટે પી.એસ.ઓ.ટંકારાને રીપોર્ટ કરેલ. પી.એસ.ઓ. ટંકારાએ મને સદર ગુન્હાની તપાસ સોંપી આપેલ જેનો ડેપ્યુટ હુકમ આજ રોજ હું રજુ કરુ છે જેમા પી.એસ.ઓ.ટંકારાની સહી છે જે ડેપ્યુટ હુકમ દાખલ **આંક–૧૦૨** આપવામાં આવે છે. સદર ગુન્હાની તપાસ મને સોપવામાં આવતા સૌપ્રથમ મે બનાવવાળી જગ્યાએ જઈ બે પંચો રૂબરૂ ફરીયાદી પ્રકાશભાઈ ડાંગરની હાજરીમાંબનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ. મને રેકર્ડમાંથી આંક–૨૧ વાળું પંચનામું બતાવવામાં આવે છે જેમા રૂબરૂ તરીકે મારી સહી છે તેમજ મારી રૂબરૂ બે પંચોએ સહી કરેલ. ત્યારબાદ મે મારી તપાસના કામે સ્થળ પર હાજર નરેન્દ્રભાઈ પુંજાભાઈ શુકલ, કાળુભાઈ સુરાભાઈ ડાંગર, રીટાબેન પ્રકાશભાઈ ડાંગર, લાખીબેન કાળુભાઈ ડાંગર, કલ્પેશભાઈ બુસા, હાર્દિકભાઈ બોપલીયા વિગેરે નાઓના નિવેદનો તેઓના લખાવ્યા મુજબના નોંધી લીધેલ. મે મારી તપાસ દરમ્યાન આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો આવતો હોઈ ચારેય આરોપીઓને સ્ટેશન

ડાયરીમાં નોધ કરાવી અને અટક કરેલા. સદર આરોપીઓને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ એન્ટ્રી નંબર : ૧૧/૨૦૨૧ થી કરેલ. જેનો રીપોર્ટ આજ રોજ મારી સાથે લાવેલ છું જે હું આજ રોજ રજુ કરુ છુ જે અસલ રીપોર્ટ દાખલ **<u>આંક–૧૦૩</u>** આપવામાં આવે છે.મે મારી તપાસ દરમ્યાન પ્રકાશભાઈ કાળુભાઈ ડાંગરના પત્ની રીટાબેનનું નિવેદન લીધેલુ. જેઓએ મારી રૂબરૂ એવી હકીકત લખાવેલ હતી કે '' બનાવના દિવસે મામલતદારશ્રી ટંકારા, સર્કલ ઓફસરશ્રી ટંકારા તથા સ્ટાફ ગજડી ગામે પંચનામું કરવા આવેલ હતા અને વિવાદીત જગ્યાએ મારા પતિને સાંજના પાંચેક વાગ્યે બોલાવેલ હતા અને આ જગ્યા અમારા ઘરની સામે દુકાન પાસે મારા પતિ ગયેલ હતા અને થોડીવારમાં દેકારો થતા મે ત્યા જઈ જોયુ તો અમારા ગામના વાસીયાગભાઈ પુનાભાઈ ડાંગર, ભગવાનજીભાઈ ડાંગર, પ્રકાશભાઈ પુનાભાઈ ડાંગર તથા રાયઘનભાઈ મહેસુરભાઈ ડાંગર ત્યાં હાજર હતા અને આ ચારેય જણા મારા પતિ સાથે બોલાચાલી કરતા હતા અને ઝઘડો કરતા હતા તેમજ જેમ ફાવે તેમ ભુડા બોલી ગાળોઅ ાપતા હતા ત્યારે મામલતદારશ્રી ટંકારા તથા સર્કલ સાહેબ ટંકારા તથા તલાટી સાહેબે વચ્ચે પડી બન્નેને સમજાવેલ હતા અને આ ચારેય જણા મારા પતિને કહેવા લાગેલ કે આવી ખોટી અરજીઓ કરે છે અને અમને હેરાન કેમ કરે છે. તેમ કહી કહેવા લાગેલ કે આઠ દિવસમાં જાનથી મારી નાખવો છે તારે જયાં જવુ હોય ત્ય જતો રહેજે તેમ કહી જાનથી મારી નાખવાની ઘમકી આપેલ હતી. ''આમ મારી તપાસ દરમ્યાન આરોપીઓ વિરુઘ્ઘ પુરતો પુરાવો આવતો હોઈ મે ચારેય આરોપીઓ વિરુઘ્ઘ ઈ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ચાર્જસીટ કરેલ. તમામ આરોપીઓને મે અટક કરેલ હોય આજ રોજ આરોપીઓ હાજર નથી હાજર હોય તો તેઓને હું ઓળખી શકુ

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર

કરેલ છે કે, પંચનામુ પંચોની હાજરીમા કે પંચોના કહેવા મુજબ લખેલ નથી, બનાવવાળી જગ્યા ગજડી ગામમા આવેલ છે, ગામ હોવાથી ત્યાં ઘણા બધા માણસોની અવર જવર રહે છે, મારી તપાસ દરમ્યાન જે સાહેદોના નિવેદનો લીધેલ તે ફરીયાદીના સંબંધીઓ છે અને અમુક સરકારી કર્મચારી છે, ફરીયાદી તથા આરોપીઓ એક જ ગામના તથા એક જ જ્ઞાતીના હોવાથી બનાવ પહેલેથી જ એકબીજાને ઓળખે છે, મારી તપાસ દરમ્યાન મે આરોપીઓના કોઈ આધાર પુરાવાઓ મેળવેલ નથી.

**::મૂલ્યાંકન ::**

(૯) આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ-૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે તે ગુનાના આવશ્યક તત્વો જોવામાં આવે તો :-

***ઈ.પી.કો.ક.-૫૦૪:***

*૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિત નુ અપમાન કર્યુ,*

*૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગણી હતી,*

*૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.*

(૧૦) વધુમાં આરોપી સામે ઈ.પી.કો. કલમ-૫૦૪ મુજબનો ગુન્હો નોંધાયેલ છે ત્યારે તે સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ધ્યાને લેવા જરૂરી જણાય છે:- **નામદાર વડી અદાલતે, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નં. ૩૩૭ ના ચુકાદામાં ઠરાવેલ છે કે:-** " Unless the actual words uttered by the accused are placed on record, the Court cannot hold an offence under

Section 504 of the Indian Penal Code was committed. The insult as envisaged in S.504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence.

**(૧૦.૧)** વધુમાં ઈ.પી.કો. કલમ–૫૦૪ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિત ઈરાદાપુર્વક સામાવાળી વ્યકિતનું અપમાન કરે અને તેના કારણે સામે વ્યકિત ઓચિંતી ઉશ્કેરાટમાં આવે અને આવા ઉશ્કેરાટ ને કારણે પોતે પોતાના ઉપરનો કાબુ ગુમાવશે અને તેના કારણે કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદા સાથે અથવા તો આવું થઈ શકે તેવા સંભવિત જ્ઞાન સાથે જો કોઈ વ્યકિતનું અપમાન કરવામાં આવે ત્યારે આ પ્રકારનો ગુનો અસ્તિત્વમાં આવે છે.

**(૧૧)** વધુમાં આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ–૫૦૬(૨)**,**૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે તે ગુનાના આવશ્યક તત્વો જોવામાં આવે તો :–

– ***ઈ.પી.કો.ક.–૫૦૬(૨) :*** *અન્વયેનો ગુન્હો પુરવાર કરવા માટે આરોપીઓ ધ્વારા ફરીયાદી ને મૃત્યુ નિપજાવવાની ધમકી આપવામાં આવી હોવાની હકીકત પુરવાર થવી જોઈએ.*

**(૧૧.૧)**ઉપરોકત આવશ્યક તત્વો ધ્યાને લઈ ફરીયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો આક્ષેપ છે તેની સામે ફરીયાદીનો કોર્ટ રૂબરૂનો પુરાવો ધ્યાને લેતા**,** આરોપીઓએ ધમકી આપેલ હોવાનું જણાવે છે પરંતુ માત્ર ધમકી આપી હતી એટલુ કહી દેવાથી ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) ના તત્વો પુરવાર થઈ જતા નથી. વધુમાં અન્ય સાહેદોનો પુરાવો જોતા આરોપીએ ધમકી આપેલ હોય

તેવી કોઈ હકીકત તેમના પુરાવાથી રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

**(૧૧.૨)** વધુમાં ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) ધ્યાને લેવામાં આવે તો આરોપી ધ્વારા આવી ધમકી આપ્યા બાદ તે ધમકીના અનુસંધાને એવું કોઈ કૃત્ય આરોપી તરફથી આચરવામાં આવેલ છે કે કેમ ? તેમજ આવી ધમકીને કારણે જેને ધમકી આપવામાં આવેલ છે તે ઈસમ એટલો ભયભીત થયેલો છે કે પોતાની રોજીંદી દૈનિક પ્રક્રિયાથી વિમુખ થઈ ગયેલ હોવો જોઈએ જો આવા પ્રશ્નનું નિર્માણ થયેલું હોય તો ઈ.પી.કો. કલમ –૫૦૬(૨) મુજબનો ગુનો બનેલાનું માની શકાય પરંતું ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપી ધ્વારા કહેવાતી ધમકી આપવાના કારણે ફરીયાદી સતત ભયના ઓથા હેઠળ હોય કે ધમકીને કારણે પોતાના રોજીંદા દૈનિક પ્રક્રિયાથી વિમુખ થઈ ગયેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના પુરાવા ધ્વારા રેકર્ડ ઉપર આવેલાનું જણાઈ આવતું નથી.

ઉપરોકત આવશ્યક તત્વો ધ્યાને લઈ ફરીયાદપક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવાનો આક્ષેપ છે તેની સામે ફરીયાદીની જુબાની જોતા તેમણે એવુ જણાવેલ છે કે આરોપીઓએ મામલતદાર તથા સર્કલ ઓફીસર અને રેવન્યુ અધિકારીની હાજરીમા અમોને મારવા માટે વાસીયાં પુના અને તેઓની સાથેના બીજા આરોપીઓ ઉભા થયેલા ત્યારે ત્યાં હાજર મામલતદારશ્રી શુકલ તથા રેવન્યુ અધિકારી બોપલીયા તેમજ સર્કલ ઓફીસર વચ્ચે પડેલા અને મામલતદારશ્રીએ તેમજ અધિકારીઓએ આરોપી નં.૧ને તથા ૩ને પકડી રાખેલા. હવે, આંક–૩૩,આંક–૩૪,આંક–૩૮,આં ક–૯૬,આંક–૯૯થી સાહેદોની જુબાની જોતા એક પણ

નજરે જોનારે આરોપીઓ મારવાની કોશિશ કરતા હતા કે આરોપીથી ફરીયાદીને બચાવવા મામલતદાર,સર્કલ ઓફીસર કે રેવન્યુ ઓફીસર વચ્ચે પડેલ હોય તે વસ્તુ પોલીસ સ્ટેટમેન્ટ કે કોર્ટમા આપેલ જુબાનીમા કયાય પણ દર્શાવેલ નથી.વધુમા,ફરીયાદી અને સાહેદ આંક–૩૮,આંક–૯૬,આંક–૯૯ની જુબાની જોતા પણ ફરીયાદીના માતા–પિતા અને પત્ની બનાવ સ્થળે હાજર હોય એ કયાંય પણ દર્શાવેલ નથી કે કોઈપણ જગ્યાનો ઉલ્લેખ નથી. ફરીયાદીની જુબાની જોતા પણ તેમણે કયાય તેમના માતા–પિતા કે પત્ની પછી બનાવ પછી તેમને છોડાવીને ઘરે લઈ ગયેલા હોય એવુ દર્શાવેલ નથી. જેથી ફરીયાદીના માતા–પિતા અને પત્ની સ્થળ પર હાજર હતા એ વાત શંકાસ્પદ છે અને માનવા લાયક નથી અને તેમની જુબાનીનુ મુલ્યાંકન સાવધાની પુર્વક કરવુ જરૂરી બને છે. હવે, ફરીયાદી અને ત્યાં હાજર સાહેદોની જુબાની જોતા વિરોધાભાસ થાય છે. ફરીયાદીના જણાવ્યા મુજબ ત્યાં હાજર અધિકારીઓ આરોપીને પકડી રાખેલ હતા પણ સાહેદોની આંક–૩૮,આંક–૯૬ અને આંક–૯૯ની જુબાની જોતા એવો કોઈ બનાવ બનેલ નથી અને ફકત એમની જુબાનીથી સામાન્ય બોલાચાલી થયા હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે. હવે બનાવમા સામાન્ય બોલાચાલી અને દેકારો થયો હોય તો કલમ ૫૦૪ અને ૫૦૬(૨)ના વ્યાખ્યામા આવતો નથી. વધુમા **માણિક તનેજા વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા, AIR 2015 SC(CRI)** મા પણ નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ છે કે, માત્ર ધમકીભર્યા શબ્દોનો ઉચ્ચાર થવાથી જ કલમ ૫૦૬ નો ગુનો બનતો નથી. ધમકી પાછળ ફરીયાદીમા ભય પેદા કરવાનો ઈરાદો હોવો આવશ્યક છે. અહીં, સ્વતંત્ર સાક્ષીઓની જુબાની જોતા પણ બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી અને ત્યારબાદ દેકારો થતા ત્યાં હાજર લોકોએ બંને પક્ષોને શાંત પાડયા અને બંને પોત પોતાના ઘરે ચાલ્યા ગયા હતા. વધુમા, ફરીયાદી એવું જણાવે છે કે, તેઓ ઘરેથી બહાર નીકળી

શકતા નથી અને ફકત દવાખાને અને કોર્ટનુ કામ હોય ત્યારે જ બહાર નીકળે છે. જયારે આંક–૩૪થી તેઓની માતાની ઉલટતપાસ જોતા તેઓ સ્વીકારે છે કે ફરીયાદી એકલો રાજકોટ અને મોરબી જાય છે. આ હકીકત ફરીયાદીના ભયમા હોવાની વાતને નબળો પાડે છે. જો ફરીયાદી ખરેખર એટલો ભયભીત હતો કે ઘરથી બહાર ઈમરજન્સીમા જ નીકળી શકતા હોય તો તે એકલો અન્ય શહેરમા જઈ શકતો ના હોય.

આ તબકકે કલમ ૫૦૬ (૨) માટે નામદાર વડી અદાલતના ચુકાદા વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **Pravinbhai Becherbhai Vankar And ... vs State Of Gujarat on 3 November**, 2006 ના કેસમાં પેરા નં. ૨૪ માં નીચેનો ચુકાદો ટાંકી ઠરાવેલ છે કે, આ કલમ મુજબનો ગુન્હો બનવા માટે સતત ભય રહેતો હોવાની અને તેને કારણે રોજીંદી કામગીરી કરવાને અશકત બનેલ હોવાની હકીકત રેકર્ડ પર આવવી જરૂરી છે.

વધુમાં, આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટનો વધુ એક ચુકાદો નોંધવામાં આવે તો Gujarat High Court in **Mahasukhrai Keshavlal Joshi vs State Of Gujarat** decided on 22 March, 2007 reported in 2007(2) GLH 201 held that It is settled that for making out a case of criminal intimidation under Section 506(2) of the Indian Penal Code, it must be established that the accused had an intention to cause an alarm to the complainant. Mere threat given by the accused, not with an intention to give an alarm to the complainant but with a view to deterring him from interfering with what the accused believe either about his right or other status, would not constitute an offence of criminal intimidation.

વધુમાં ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) ધ્યાને લેવામાં આવે તો આરોપી દ્વારા આવી ધમકી આપ્યા બાદ તે ધમકીના અનુસંધાને એવું કોઈ કૃત્ય આરોપી તરફથી આચરવામાં આવેલ છે કે કેમ ? તેમજ આવી ધમકીને કારણે જેને ધમકી આપવામાં આવેલ છે તે ઈસમ એટલો ભયભીત થયેલો છે કે પોતાની રોજીંદી દૈનિક પ્રક્રિયાથી વિમુખ થઈ ગયેલ હોવો જોઈએ જો આવા પ્રશ્નનું નિર્માણ થયેલું હોય તો ઈ.પી.કો. કલમ –૫૦૬(૨) મુજબનો ગુનો બનેલાનું માની શકાય પરંતું ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા આરોપી દ્વારા કહેવાતી ધમકી આપવાના કારણે ફરીયાદી સતત ભયના ઓથા હેઠળ હોય કે ધમકીને કારણે પોતાના રોજીંદા દૈનિક પ્રક્રિયાથી વિમુખ થઈ ગયેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના પુરાવા દ્વારા રેકર્ડ ઉપર આવેલાનું જણાઈ આવતું નથી.

– ***ઈ.પી.કો.ક.–૫૦૪ :***

*૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઈ વ્યકિત નુ અપમાન કર્યુ,*

*૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગણી હતી,*

*૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.*

વધુમાં આરોપી સામે ઈ.પી.કો.કલમ–૫૦૪ મુજબનો ગુન્હો નોંધાયેલ છે ત્યારે તે સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા ધ્યાને લેવા જરૂરી જણાય છે:– **નામદાર વડી અદાલતે, પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નં. ૩૩૭ ના ચુકાદામાં ઠરાવેલ છે કે:–** " Unless the actual words uttered by the accused are placed on record, the Court cannot hold an offence under Section 504 of the Indian Penal Code was committed. The insult as envisaged in S.504 must not only be intentional but also thereby must give provocation to person insulted to break public peace or to commit any other offence.

વધુમાં ઈ.પી.કો. કલમ–૫૦૪ ધ્યાને લેવામાં આવે તો કોઈ પણ વ્યકિત ઈરાદાપુર્વક સામાવાળી વ્યકિતનું અપમાન કરે અને તેના કારણે સામે વ્યકિત ઓચિંતી ઉશ્કેરાટમાં આવે અને આવા ઉશ્કેરાટ ને કારણે પોતે પોતાના ઉપરનો કાબુ ગુમાવશે અને તેના કારણે કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદા સાથે અથવા તો આવું થઈ શકે તેવા સંભવિત જ્ઞાન સાથે જો કોઈ વ્યકિતનું અપમાન કરવામાં આવે ત્યારે આ પ્રકારનો ગુનો અસ્તિત્વમાં આવે છે. હાલના કેસમાં સ્વતંત્ર સાક્ષીઓ માત્ર બોલાચાલી થયાનુ જણાવે છે. ફરીયાદી તરફથી જાહેર શાંતિભંગ થવાનો અથવા તે દિશામા ઉશ્કેરવાનો કોઈ વિશ્વસનીય પુરાવો ઉપલબ્ધ નથી. જેથી સ્વતંત્ર સાક્ષીના પુરાવાને વિશેષ મહત્વ આપે છે. ખાસ કરીને ત્યારે જયારે ફરીયાદી તથા તેના પરિવારના સભ્ય ભયમા હોવાનુ કહેતા હોય પરંતુ સ્વતંત્ર સાક્ષી સમગ્ર ઘટનાને સામાન્ય બોલાચાલી થયેલ હોય એવુ જણાવેલ છે.વધુમા, માતા–પિતા અને પત્ની ખરેખર ઘટનાસ્થળ પર હાજર હતા અને જો ત્યાં જ હાજર હતા તો શરૂઆતથી કેમ તેમનો ઉલ્લેખ કરેલ નથી અને પાછળથી કેસને મજબુત બનાવવા માટે રજુ કરવામા આવ્યા છે ? જો સ્વતંત્ર સાક્ષી માત્ર બોલાચાલી અને સમાધાનની વાત કરે અને માતા–પિતાની હાજરી જ શંકાસ્પદ હોય અને ફરીયાદીનુ પછીનુ વર્તન પણ તેના દાવા સાથે સુસંગત ન હોય તો સ્વતંત્ર સાક્ષીના પુરાવા વધુ વિશ્વાસપાત્ર માની શકાય કેમ કે સ્વતંત્ર સાહેદ પણ સરકારી કર્મચારી છે. વધુમા, ફરીયાદીએ લગભગ એક વર્ષ પછી કોર્ટ પરિસરમા આરોપીએ હુમલો કર્યો હોવાની અરજી કરી હતી જેના આધારે નામદાર કોર્ટે પોલીસ કાર્યવાહી તથા સુરક્ષા અંગે આદેશ કર્યો હતો પરંતુ, આ ઘટના હાલની ઘટનાથી સંપુર્ણપણે અલગ વ્યવહાર છે. દરેક ઘટનાનુ મુલ્યાંકન તેના પોતાના પુરાવાના આધારે જ કરવાનુ રહે છે.વધુમા, કોર્ટમા બનેલ બનાવમા ચાર્જશીટ થયેલ હતી અને કોઈ પુરાવો આ કામે રજુ કરેલ ન હતો. જેથી ફકત

અરજી હોવાથી એ પુરવાર થઈ જતુ નથી. વધુમા, નામદાર કોર્ટ ધ્વારા ઘણા બધા કેસોમા જણાવેલ છે કે માત્ર ધમકી આપવાથી કલમ ૫૦૪ હેઠળ ગુન્હો બની જતો નથી. **વિક્રમ જોહર વિ. સ્ટેટ ઓફ ઉતરપ્રદેશ(૨૦૧૯),૧૪ એસ.એસ.સી. પેજ નં. ૨૦૭** માં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ છે કે, કલમ–૫૦૪ માટે માત્ર ગાળો બોલવા કે બોલાચાલી થવી પુરતી નથી. હાલના કેસમા પણ નોંધનીય બાબતએ પણ છે કે સ્વતંત્ર સાક્ષીએ એવું જણાવ્યુ નથી કે ફરીયાદી ઘટના સ્થળે ગભરાઈ ગયો હતો, ભાગી ગયો હતો અથવા ધમકીના કારણે તુરત જ કોઈ સુરક્ષા માંગી હતી. તેના બદલે સ્વતંત્ર સાક્ષીનુ નિવેદન એવુ છે કે બોલાચાલી બાદ બંને પક્ષોને સમજાવેલ અને તેઓ ઘરે જતા રહેલ. આ પ્રકારની પરીસ્થિતી ક્ષણિક ઉશ્કેરાટમા થયેલી બોલાચાલી સાથે વધુ સુસંગત જણાઈ છે. ફોજદારી કેસમા આરોપી ઉપર આરોપના બે દ્રષ્ટિકોણ શકય બનતા હોય, તો આરોપીને અનુકુળ દૃષ્ટિકોણ અપનાવવાનો રહે છે. જે **સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. બાલાક્રિષ્ના દતાત્રે કુંભાર(૨૦૧૨)** મા જણાવેલ છે. વધુમા **બેરી મનોજ વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ(૨૦૨૬)** માં નામદાર સુપ્રીમ કોર્ટે જણાવેલ છે કે,'' **Intention to cause alarm**'' – ફરજીયાત છે એના વગર ૫૦૬ના તત્વો પુરવાર થતા નથી અને સ્વતંત્ર સાહેદ પણ ફરીયાદીની જુબાનીને સપોર્ટ કરતા નથી. ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોની જુબાની ધ્વારા આરોપીઓના આવા વર્તનને કારણે ફરીયાદીને ઓચીંતા ઉશ્કેરાટનું કારણ ઉત્પન્ન થયેલ હોય તેના કાણે ફરીયાદી પોતાના ઉપરનો કાબુ ગુમાવવો પડેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી. આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય, મુદ્દા નં.૧ નો ઉતર ''**નકાર**''માં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આ કામના આરોપી (૧) વાસીચાંગભાઈ પુનાભાઈ ડાંગર (૨)ભગવાનજીભાઈ પુનાભાઈ ડાંગર (૩) પ્રકાશભાઈ પુનાભાઈ ડાંગર (૪)રાયધનભાઈ મેસુરભાઈ સોઢીયાનાઓને તેમની વિરુધ્ધના ઈ.પી.કો. કલમ– ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીના અગાઉના જામીન તથા જાતમુચરકા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭(એ) અન્વયે છ માસની સમય મર્યાદા પુરી થયેથી રદ ગણવા.

આ ચુકાદો આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૮/૦૭/૨૦૨૬

મુ.ટંકારા.

(હર્ષ હરીરામ વિશ્નોઈ)

કોડ નં.જી.જે. ૦૧૬૦૫

જયુ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ

ટંકારા–મોરબી